# MBBS મુન્નાભાઈઓની હાલત કફોડી થઈ છે




-સંજય વોરા

આ જે સવારે હું અખબાર વાંચી રહ્યો હતો અને એક સમાચારથી મને ખૂબ દુ:ખ થયું. કાશ્મીરમાં ૧૦ જગ્યાઓ માટે ૧,૨૫૦ ડૉક્ટરો અરજી કરી રહ્યા છે. દરેક જગ્યા પર ૧૨૫ ડૉક્ટરો તરફથી અરજીઓ આવે છે. રાજસ્થાનમાં ૨૪ જગ્યાઓ માટે ૪૦૦ ડૉક્ટરો અરજી કરી રહ્યા છે. ડૉક્ટરો લાઈનોમાં ઊભા રહીને નોકરી માટે દોડાદોડ કરી રહ્યા છે. જે એક સમયે આટલી ચમક ધરાવતી હતી તે MBBSની ડિગ્રી હવે ઝાંખી પડી રહી છે. થોડા દિવસો પહેલાં સમાચાર આવ્યા હતા કે મહારાષ્ટ્રમાં કદાચ ત્રણથી ચાર ડૉક્ટરોએ પોલીસ કોન્સ્ટેબલની નોકરી માટે અરજી કરી હતી. તો આપણે આ બિંદુએ કેવી રીતે પહોંચ્યા? શું ખોટું થયું કે એક ડૉક્ટર અહીં આવી ગયો? જવાબ સરળ છે, માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત. એક સમય હતો, લગભગ ૨૫-૩૦ વર્ષ પહેલાં, ડૉક્ટરોને ખૂબ મહાન માનવામાં આવતા હતા કારણ કે તેમની સંખ્યા બહુ ઓછી હતી. તેમનું ખૂબ સન્માન કરવામાં આવતું હતું અને તેઓ સારા પૈસા કમાતા હતા. માતાપિતાએ તેમનાં બાળકોને ડૉક્ટર બનવા મોકલ્યાં હતાં તે એવી આશા રાખીને કે તેમનું જીવન સ્થાયી થશે. તેમનું જીવન શા માટે સ્થાયી થયું? કારણ કે તે સમયના ડૉક્ટરો ઉદ્યોગસાહસિકો હતા. તેમની પોતાની પ્રેક્ટિસ હતી, તેમની પોતાની ક્લિનિક હતી અને હોસ્પિટલો સેવા પ્રદાતાઓ હતી. નાની ખાનગી હોસ્પિટલો ડૉક્ટરોને વિનંતી કરતી કે ડૉક્ટર, કૃપા કરીને તમારા દર્દીઓને અમારી પાસે મોકલો. આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે.

આપણને કહેવામાં આવે છે કે ભારતમાં ડૉક્ટરોની અછત છે. તો પછી હજારો MBBS સ્નાતકો ગ્રેજ્યુએશન પછી વર્ષોથી પોસ્ટ ગ્રેજ્યુએશનની તૈયારી કેમ કરી રહ્યા છે? સરકારી હોસ્પિટલોને કેટલીક સો બેઠકો માટે હજારો અરજદારો કેમ મળી રહ્યા છે? ઘણા બધા MBBS ડૉક્ટરો લોકોની અપેક્ષા કરતાં ઓછું કેમ કમાય છે? લગભગ દોઢ લાખ MBBS ડૉક્ટરો સિસ્ટમમાં ફસાઈ ગયા છે. એટલા માટે નહીં કે ભારતને ડૉક્ટરોની જરૂર નથી પરંતુ એટલા માટે કે સિસ્ટમ પિરામિડ જેવા આકારની છે.

તબીબી શિક્ષણને પિરામિડ તરીકે વિચારો. તળિયે, દર વર્ષે એક લાખ MBBS સ્નાતકો. મધ્યમાં લગભગ ૬૫,૦૦૦ પીજી બેઠકો છે. ટોચ પર સુપર સ્પેશ્યાલિટી બેઠકો પણ ઓછી છે. તબીબી વ્યવસાય બાબતમાં એક ખતરનાક માન્યતાને સ્પષ્ટ કરવી જરૂરી છે કે એક વાર તમે ડૉક્ટર બની જાઓ છો, પછી જીવન સેટ થઈ જાય છે, તે વિધાન હવે સંપૂર્ણ રીતે સાચું નથી. છેલ્લાં ૧૦ થી ૧૨ વર્ષોમાં, ભારતમાં MBBSની બેઠકોમાં મોટા પાયે વધારો થયો છે. તાજેતરના NMC ડેટા મુજબ, ભારતમાં હવે દર વર્ષે લગભગ ૧.૦૫ થી ૧.૧૦ લાખ MBBSની બેઠકો છે. એક દાયકા પહેલાંની સરખામણીમાં આ સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. દર વર્ષે આશરે ૧ લાખ નવા MBBS સ્નાતકો સિસ્ટમમાં પ્રવેશ કરે છે. હવે આગળના તબક્કા પર નજર નાખો. MD, MS, DNB જેવી કુલ PG બેઠકો ૬૫,૦૦૦ થી ૭૦,૦૦૦ છે. તેનો અર્થ એ કે દર



**તબીબી વ્યવસાય બાબતમાં એક ખતરનાક માન્યતાને સ્પષ્ટ કરવી જરૂરી છે કે એક વાર તમે ડૉક્ટર બની જાઓ છો, પછી જીવન સેટ થઈ જાય છે, તે વિધાન હવે સંપૂર્ણ રીતે સાચું નથી**

વર્ષે ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ MBBS સ્નાતકો તરત જ PG માં પ્રવેશ કરી શકતા નથી. જો ૩૫,૦૦૦ વિદ્યાર્થીઓ એક વર્ષમાં પીજીની બેઠક ચૂકી જાય અને ફરીથી પરીક્ષા આપે તો ત્રણથી ચાર વર્ષમાં તમારી પાસે સરળતાથી ૧ થી ૧.૫ લાખ MBBS ડૉક્ટરો હોઈ શકે છે, જેઓ પીજીની બેઠક માટે સ્પર્ધા કરે છે. તેઓ બેરોજગાર નથી પરંતુ ઘણા ઓછા પગારવાળી જુનિયર ડૉક્ટરની ભૂમિકાઓમાં કામ કરવાની તૈયારી કરી રહ્યા છે.

હવે ચાલો, વાસ્તવિકતા વિશે વાત કરીએ. પીજી વિનાના MBBS ડૉક્ટરોનું શું થાય છે? તેમાંના મોટાભાગના ખાનગી હોસ્પિટલોમાં જુનિયર ડૉક્ટરો તરીકે કામ કરે છે. ઘણા ડૉક્ટરો શહેરોમાં મહિને ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ની વચ્ચે કમાણી કરે છે. કોર્પોરેટ હોસ્પિટલોને આ મોડેલનો સૌથી વધુ ફાયદો થાય છે કારણ કે નોન પીજી MBBS ડૉક્ટરો પાછળ નિષ્ણાત ડૉક્ટરો કરતાં ઘણો ઓછો ખર્ચ કરવો પડે છે. MBBS ડૉક્ટરો ઓછા ખર્ચે સિસ્ટમને ટેકો આપે છે. ભારતમાં હજુ પણ ગ્રામીણ વિસ્તારોમાં ડૉક્ટરોની અછત છે. ઘણા જિલ્લાઓમાં નિષ્ણાતોની અછત છે. તો આપણે કેવી રીતે કહી શકીએ કે ડૉક્ટરો બેકાર ફરે છે કારણ કે સમસ્યા કુલ સંખ્યાની નથી પરંતુ પસંદગીની છે. શહેરી વિસ્તારોમાં ઉચ્ચ સ્પર્ધા અને ઓછો પગાર છે. ગ્રામીણ વિસ્તારોમાં ડૉક્ટરોની ખાલી જગ્યાઓ અસ્તિત્વમાં છે પરંતુ શહેરી લાઈફસ્ટાઈલના મોહમાં ડૉક્ટરો ગામડાંમાં જવા તૈયાર થતા નથી. તેથી દેશમાં એક સાથે ડૉક્ટરોની અછત અને ડૉક્ટરોની બેરોજગારી જોવા મળે છે.

આજે ફાઈવ સ્ટાર હોસ્પિટલ એક બ્રાન્ડ બની ગઈ છે અને ડૉક્ટર તેનો એક કર્મચારી બની ગયો છે. પહેલાં હોસ્પિટલો કહેતી કે સાહેબ, તમારા દર્દીઓને અમારી સાથે રાખો. આજે ડૉક્ટરો હોસ્પિટલોની બહાર લાઈનો લગાવે છે અને માંગણી કરે છે કે સાહેબ, અમને નોકરી પર રાખો. જ્યાં પણ આટલી બધી માંગ હોય છે, ત્યાં કોર્પોરેશનો દખલ કરે છે. કંપનીઓ તેનું વ્યાપારીકરણ કરે છે અને તેના પર પોતાની બ્રાન્ડ નેમ લગાવે છે. સરકાર પર દબાણ કરવામાં આવ્યું કે આપણી પાસે દરેક હજાર લોકો માટે એક ડૉક્ટર હોવા જોઈએ. તેથી, ઘણી બધી મેડિકલ કોલેજો ખૂલી અને તેઓએ ઘણા બધા ડૉક્ટરો બનાવવાનું શરૂ કર્યું. આ મશીને જથ્થાબંધ ડૉક્ટરો પેદા કર્યા. દર વર્ષે ૧.૨૫ લાખ ડૉક્ટરો સ્નાતક થઈ રહ્યા છે. ૭૦-૭૫ હજાર પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવી રહ્યા છે.

ખાનગી હોસ્પિટલોમાં નવા ડૉક્ટરો ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ રૂપિયા કમાય છે. આનો અર્થ એ નથી કે તબીબી વ્યવસાયનું કોઈ ભવિષ્ય નથી. ભારતને હજુ પણ ડૉક્ટરોની જરૂર છે પરંતુ તેનો અર્થ એ છે કે MBBS હવે પ્રવેશ પાસ છે, અંતિમ મુકામ નથી. જો તમે NEETના ઉમેદવાર છો તો આ સ્પષ્ટ રીતે સમજો. તમે ૫.૫ વર્ષ MBBS અને એક વર્ષની ઈન્ટર્નશિપ માટે સાઈન અપ કરી રહ્યા છો, તો ૩ વર્ષની PGની તૈયારી પણ રાખો. નાણાંકીય આયોજન મહત્ત્વનું છે, માનસિક સહનશક્તિ મહત્ત્વની છે, સ્પષ્ટતા પણ મહત્ત્વપૂર્ણ છે. આપોઆપ સુરક્ષા ધારીને તબીબી વ્યવસાયમાં પ્રવેશ ન કરો.●

## નો નોનસેન્સ

અનુસંધાન પાના એકનું

સીધું ભાગીદાર નહોતું એટલે ત્રીજા દેશ તરીકે યુદ્ધવિરામ કરાવવાની સ્થિતિમાં હતું. અમેરિકાએ બારમાં દિવસે યુદ્ધ રોકી દીધું અને ટ્રમ્પે ફરી એકવાર શાંતિ માટે નોબેલ પારિતોષિકનો દાવો કર્યો. ગણતરી એવી હતી કે ઈરાનનો મુકાબલો કરવાની તૈયારી કરવી, પ્રોક્સીઓની તાકાત હજુ વધુ તોડી નાખવી. આર્થિક રીતે ઈરાન બરબાદ થઈ ગયું છે એટલે પ્રજામાં અસંતોષ પેદા કરવો, એ દરમ્યાન ઈરાન સાથે વાતચીતનું નાટક કરવું અને એ પછી મોકો જોઈને પાછો હુમલો કરવો. ઈરાનને નેતૃત્વ પરિવર્તન માટે મજબૂર કરવું. આપણને અનુકુળ કઠપુતળીને બેસાડી દેવી. અમેરિકાને ઈરાનનું તેલ અને ગેસ મળે અને ઈઝરાયેલને વિસ્તરવા મળે. આગળ જતા વાસ્તવિકતાનો સ્વીકાર કરીને બૃહદ ઈઝરાયેલને સંમતીની મહોર પણ મળે. આ બધું નેતાન્યાહૂએ ટ્રમ્પને સમજાવ્યું હતું અને ટ્રમ્પે સંકટ પેદા કર્યા પછી સંકટમાંથી બહાર નીકળવાનો પ્લાન બી વિચાર્યા વિના ઈઝરાયેલને ઈશારે ઝંપલાવ્યું.

બન્યું છે એવું કે ઈઝરાયેલ અને અમેરિકાની ગણતરી ઉલટી પડી. ઈરાનના ધાર્મિક નેતા ખામૈનીએ બંકરમાં છૂપાવાની ના પાડી અને શહીદ થવાનું વધારે પસંદ કર્યું. ઈઝરાયેલ-અમેરિકાએ ખામૈની સહિત વિવિધ મહત્ત્વનાં પદ ધરાવતા ડઝનબંધ વરિષ્ઠ નેતાઓને કે શાસકોને મારી નાખ્યા. આને કારણે હજુ મહિના પહેલા ઈરાની શાસકોની સામે રસ્તા પર ઉતરેલી પ્રજા ખામૈની માટે માતમ કરવા રસ્તા પર ઉતરી. ખામૈનીની શહાદતે ઈરાનીઓને જોડવાનું કામ કર્યું. ટૂંકમાં સત્તાધારીઓ અશક્ત બનવાની જગ્યાએ શાસકોની શહાદતનાં કારણે સશક્ત થઈ ગયા. ઓછામાં પૂરું ઈઝરાયેલે ઈરાની શાળા પર હુમલા કર્યા જેમાં દોઢસો કરતાં વધુ બાળકોનાં મોત થયાં. સત્તાપરિવર્તન તો બાજુએ રહ્યું ઈરાની પ્રજા સત્તાધારીઓને પડખે ઊભી રહી ગઈ.

આપણે વાત બેવકૂફની કરી રહ્યા છીએ. સવાલ એ છે કે અમેરિકા યુદ્ધમાં પ્રવેશ્યું શા માટે? આ વખતે સીધું ભાગીદાર છે એટલે યુદ્ધવિરામ પણ કરી શકે એમ નથી? શી જરૂરત પડી? કેટલાક લોકો કહે છે કે એપ્સ્ટીન ફાઈલ્સમાં ટ્રમ્પની જાતીય વિકૃતિઓની વિગતો બહાર આવી છે અને હજુ વધુ ફાઈલો ખૂલવાની છે એને કારણે ટ્રમ્પ ઈઝરાયેલના ઈશારે ઈઝરાયેલ કહે એ કરવા મજબૂર છે. એપ્સ્ટીન ઈઝરાયેલની જાસૂસી સંસ્થા મોસાદ માટે કામ કરતો હતો એમ પણ કહેવાય છે. મને એમ નથી લાગતું. એ શક્ય છે અને એ પણ એક કારણ હોઈ શકે, પણ મુખ્ય કારણ બેવકૂફી અને ઉપરથી અભિમાન તેમ જ ચારિત્ર્યહીનતા છે. બેવકૂફ જો નીચ હોય અથવા નીચ બેવકૂફ હોય અને ઉપરથી પોતાને અતિશય પ્રેમ કરનાર આત્મમુગ્ધ હોય તો એ કોઈનો ઝાલ્યો રહેતો નથી. એવા લોકો સાહસ કરી જ બેસે. દૂરનું જોવું અને દૂરનું વિચારવું એ બે ચીજ એવી છે જે માણસને આપોઆપ સંયમી બનાવે. ટ્રમ્પબાબા એટલા માટે કુદી પડ્યા કે તેમને જે યુદ્ધ જીતવું આસાન લાગતું હતું તેનો જશ નેતાન્યાહૂ ન લઈ જાય! જુઓ મેં ઈરાનને પાઠ ભણાવ્યો જેને ૧૯૭૯થી અત્યાર સુધીમાં સત્તામાં આવેલા કોઈ પણ પ્રમુખ નહોતા કરી શક્યા. મૈંને કિયા. 'ખીચડી' નામની સિરિયલના પ્રફુલ્લની માફક 'બાબુજી મૈને કિયા'.

### હવે મરણીયાની વાત

ઈરાન શિયા મુસ્લિમ બહુલ દેશ છે એટલે સુન્ની મુસ્લિમ દેશો સાથે તેનો મધુર સંબંધ ક્યારેય નહોતો. ૧૯૭૯માં ઈરાનમાં ઈસ્લામી ક્રાંતિ થઈ અને ૬૬ અમેરિકનોને ૪૪૪ દિવસ સુધી બાનમાં રાખ્યા ત્યારથી ઈરાનની અમેરિકા સાથે દુશ્મની છે. અમેરિકાના ઈશારે ઈરાકે ઈરાન સામે યુદ્ધ કર્યું. એ યુદ્ધ આઠ વર્ષ ચાલ્યું જેમાં ઈરાન સારી રીતે ખુવાર થયું હતું. ઈરાને સ્વબચાવ માટે અણુ કાર્યક્રમ હાથ ધર્યો તો અમેરિકાએ તેનો વિરોધ કરીને પ્રતિબંધો મૂક્યા. બે દાયકાથી ઈરાન લશ્કરી તેમ જ વાણીજ્ય વ્યાપારમાં પ્રતિબંધિત છે અને તેને કારણે પણ ઈરાન અંદરથી તૂટી ગયું છે. ઉત્તર ઈરાનમાં કુર્દ નામનાં કબીલાઈ લોકો ઈરાન સામે સંઘર્ષ કરી રહ્યા છે.

હવે કલ્પના કરો કે ઈરાનની જગ્યાએ બીજો કોઈ દેશ હોય તો આટલાં સંકટોનો સામનો કરતા રહીને ચાર દાયકા સુધી ટકી રહે ખરો? દેશમાં અરાજકતા પેદા થાય અને અંદરથી સડેલાં ફળની માફક ખરી પડે. પણ ઈરાનની બાબતમાં એવું બન્યું નથી. શા માટે? યુદ્ધખોરોએ આ પ્રશ્ન યુદ્ધ કરતાં પહેલા પોતાને પૂછવો જોઈએ. એવું શું છે ઈરાનમાં કે વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાના ૬૬ નાગરિકોને ૪૪૪ દિવસ સુધી બંધી રાખે? એવું શું છે ઈરાન પાસે કે અમેરિકા સામે ૧૯૭૯ (૪૭ વરસ)થી ઝીંક ઝીલી રહ્યું છે? એવું શું છે ઈરાનમાં કે ઈરાક સામે (ઈરાક તો પ્રોક્સી હતું, અમેરિકા સામે) આઠ વરસ લડીને પણ અડીખમ ઊભુ રહ્યું. એવું શું છે ઈરાનમાં કે અમેરિકાના વિરોધ છતાંય અણુ કાર્યક્રમ અમલમાં મૂક્યો અને આજે અણુ બૉંબ બનાવવાની નજીક પહોંચી ગયું હોવાનું કહેવાય છે. એવું શું છે ઈરાનમાં કે ૧૯૭૯થી (વચ્ચે બે-પાંચ વર્ષના બે ત્રણ અપવાદ છોડીને) અમેરિકન અને અમેરિકાના મિત્ર દેશોના આર્થિક અને અન્ય પ્રતિબંધો છતાં ઈરાન હજુ સુધી અડીખમ છે? આ પ્રશ્ન વિચારવા જેવો છે. એવું શું છે ઈરાનમાં કે એ તૂટતું નથી?

એક કારણ તો એ છે કે અખાતી મુસ્લિમ દેશોમાં ઈરાન એક માત્ર એવો દેશ છે જેની પ્રાગ ઈસ્લામિક અસ્મિતા પ્રબળ છે. ઈરાન શબ્દનો અર્થ જ આર્ય થાય છે. મામુલી પરિવર્તન સાથે કોઈ ભાષા જો બે હજાર વરસથી એકધારી વપરાશમાં હોય તો એવી વિશ્વની બે-ત્રણ ભાષામાં એક પર્શિયન ભાષા છે. જેની હયાતી પ્રબળ હોય એની જિજીવિષા પણ પ્રબળ હોય. તો આ એક કારણ થયું. બીજું કારણ એ કે એકલા પડી ગયેલા કે પાડવામાં આવેલા ઈરાન પાસે ટકી રહેવા માટે ભૂખ્યા રહીને પણ લશ્કરી તૈયારી કરવા સિવાય કોઈ છૂટકો નહોતો. માર્યા વિના મરશું નહીં એ ઈરાનનો રાષ્ટ્રમંત્ર છે. ઈરાન પાસે તેલ છે અને ઈરાન એ તેલ ચીનને (ભલે સસ્તે ભાવે) વેચીને પૈસા કમાય છે. અમેરિકાના પ્રતિબંધને ચીન ગણકારતું નથી અને અમેરિકા ચીન સામે કાંઈ કરી શકતું નથી. રશિયા પાછળ રહીને ઈરાનને લશ્કરી મદદ કરે છે. પણ આ બધાં કારણોમાં મુખ્ય કારણ બે છે: એક પ્રબળ હયાતીની પ્રબળ જિજીવિષા અને બીજું માર્યા વિના મરશું નહીં એવો રાષ્ટ્રમંત્ર. મરવાનું હશે તો મરીશું, પણ દુશ્મનને મારીને. ટ્રમ્પ બાબા અને તેમના જેવા જ તેમના સહાયકોએ (જેવો વરરાજા એવા જાનૈયા) આ બધું વિચાર્યું નહોતું એટલે સંકટ પેદા કરીને તેમાંથી નીકળવું કઈ રીતે તેનો પ્લાન બી બનાવ્યો નહોતો. મને એમ લાગે છે કે જેમ હિટલરે રશિયા પર હુમલો કરવાની છેલ્લી ભૂલ કરી હતી એમ નેતાન્યાહૂની આ છેલ્લી ભૂલ હતી. લશ્કરી યુદ્ધ તેલયુદ્ધમાં ફેરવાઈ ગયું. હવે ઈરાન મરણીયું થઈ ગયું છે. તમને અને ચૂપ રહીને તમાશો જોનારી આખી દુનિયાને ડૂબાડીને ડૂબીશું. જગત બળતણનાં સંકટનો સામનો કરી રહ્યું છે. હવે શું થશે? કોઈ કશું જ કહી શકે એમ નથી. જવાહરલાલ નેહરુ જેવો કોઈ અવાજ પણ નથી જેની વાત જગત સાંભળે. આશ્ચર્યની વાત છે કે અમેરિકાના ચાર ચાર વિદ્યમાન ભૂતપૂર્વ પ્રમુખો તેના ગાંડા અનુગામીએ અમેરિકાને કારણ વગર યુદ્ધમાં હોમી દીધું પણ એ છતાંય કશું બોલતા નથી.

ચીન અને રશિયા પાછળ રહીને ઈરાનને મદદ કરે છે અને અમેરિકાને પાયમાલ થતું જુવે છે. ઈઝરાયેલ વિસ્તરવાની તક છોડવા માગતું નથી અને ઈરાન મરીને મરવા તૈયાર છે. આમાં સપડાયેલું છે અમેરિકા. તો લેસન એ છે કે શાસક ગમે એટલો અપલખણો હોય, કમસેકમ તેનામાં બુદ્ધિ હોવી જોઈએ, પોતાની જગ્યાએ દેશહિતનું વિચારતો હોવો જોઈએ. આત્મમુગ્ધ અભિમાની અને ગાંડા શાસકો દેશની આવી દશા કરે. હવે પછી થશે શું ખબર છે? હવે પછી જગતમાં અમેરિકાની એ વગ અને પ્રતિષ્ઠા નહીં હોય જે ઈરાન સાથે યુદ્ધ કરતાં પહેલાં હતી. ઈરાન કેસરિયા કરી રહ્યું છે અમેરિકા આત્મઘાત.●

## કબીરા ખડા બજારમેં

અનુસંધાન પાના ત્રણનું

ભૂગર્ભમાં નિર્માણ થતી અને સંઘરવામાં આવેલી મિસાઈલોનો નાશ કરવા માટે આ વિશેષ બોમ્બમારો થયો હતો. જો કે અત્યાર સુધીમાં, અમેરિકાએ અને ઈઝરાયલે મળીને ઈરાન પર હજારોની સંખ્યામાં ફાઈટર વિમાનોના ફેરા માર્યા છે અને બોમ્બ વરસાવ્યા છે, છતાં ઈરાનની તમામ ક્ષમતાઓ નેસ્તાનાબૂદ કરવામાં સફળતા મળી નથી. ઈરાન હજી મીણ કહેતું નથી. અમુક નિષ્ણાતોના મનમાં શંકાઓ જાગે છે કે ઈરાનને સાવ પાંગળું બનાવવામાં ક્યારેય પણ સફળતા મળશે કે કેમ? અમેરિકાએ ઈરાદાપૂર્વક ખાર્ગ ટાપુ પરની ઓઈલ ફેસિલિટીઓને નિશાન બનાવી નથી. ઈરાનને આર્થિક રીતે પાંગળું બનાવવાની જરૂર ઊભી થશે તો એ તેલક્ષેત્રો પણ તોડી પડાશે. કહે છે કે તે તોડવાનો ઈઝરાયલે હમણા પ્રયત્ન કર્યો હતો તેથી ડોનાલ્ડ ટ્રમ્પ નારાજ થયા હતા. જો કે યુદ્ધમાં જે દેખાય, જે સંભળાય તે સાચું હોતું નથી. એક બે મિડિયાના વિશ્લેષકોએ પોતે વિશ્લેષકો છે એવું પુરવાર કરવા માટે મહામૂલું મંતવ્ય ચલાવ્યું કે ટ્રમ્પ પાસે કોઈ સ્ટ્રેટર્જી નથી.


બીજા નકલચી પત્રકારોએ એ મંતવ્યને ચરણામૃત સમજી માથે ચડાવી લીધું. પ્રથમ પ્રશ્ન એ કે જો કોઈ સ્ટ્રેટેજી હોય તે ટ્રમ્પ એડવાન્સમાં જાહેર કરતા ફરે? જાહેર કરે તે સ્ટ્રેટેજી થોડી કહેવાય? શું દુશ્મનોને પોતાની યોજના અગાઉથી જણાવી દે? વળી ગોળ-ગોળ, અલગ અલગ નિવેદનો આપીને સ્થિતિને સસ્પેન્સમાં રાખવી? દુશ્મનોને અવઢવમાં રાખવા તે પણ સ્ટ્રેટર્જી ન હોઈ શકે? હોઈ શકે અને ખૂબ સારી સ્ટ્રેટર્જી હોઈ શકે. મહોલત જાહેર કરી હતી તેના થોડા દિવસો પૂર્વે જ, 28 ફેબ્રુઆરીના રોજ અચાનક હૂમલો કર્યો તેમાં આમેની સહિત અનેક મહત્વના લોકો માર્યા ગયા. જો જાણ કરીને આક્રમણ કર્યું હોત તો આવું પરિણામ મળી શકે ખરૂં? ખાર્ગ પરની ઓઈલ ફેસેલિટીઓને નિશાન બનાવી નથી તે એક સ્ટ્રેટર્જી જ છે. અમેરિકા ખાર્ગ ટાપુ પર કબજો જમાવવા માગે છે અને ત્યાંથી પોતાના માટે તેલનો કારોબાર ચલાવવા માગે છે. જો તેમ કરવામાં સફળતા નહીં મળે તો તેલ ઉપક્રમોને નિશાન બાનાવશે. ટ્રમ્પે એ પ્રકારની ચેતવણી પણ આપી છે. હવે બાવીસસો મશીનરો સાથે યુએસએસ ટ્રીપોલી કામગીરી બજાવશે એટલે આવનારા સમયમાં વધુ ધુમધડાકા સાંભળવા મળશે. તમામ શક્યતાઓ છે કે આ કામમાં કાંઠાના તમામ આરબ દેશો અમેરિકાને મદદે ઊભા રહેશે.

સામુદ્રધૂનીના મુખ નજીક કેશ્મ નામનો તીર આકારનો એક ટાપુ છે. ઈરાનના નૌકા જહાજો અહીં લાંગરેલાં હોય છે. તેની ભૂગર્ભ ટનલોમાં મિસાઈલો તેમ જ આક્રમણકારી યાંત્રિક હોડીઓ વગેરે ગોઠવેલા છે. આ ટાપુ કબ્જે લેવાની અમેરિકનોની ઈચ્છા છે. ખાસ એટલા માટે કે આ ટાપુ પર ઈરાનનો એક મોટો ડિસેલાઈશેન પ્લાન્ટ છે. તેનું કદ અને તેનું ચોક્કસ સ્થળ હોર્મુઝ ખાડીમાં જહાજોની અવર-જવર પર નિયંત્રણ રાખવાની ઈરાનને વ્યવસ્થા કરી આપે છે. કેશ્મની નજીક આવેલા કીશ નામના એક ઠેકાણાનો કબજો અમેરિકા લેવા માગશે. અહીં ઈરાન મધ્યમ અને નાનાં કદના આક્રણકારી જાહજોને લાંગરે છે.

અમેરિકાએ એટીએસીએમએસ પ્રકારની અચૂક અને સચોટ નિશાન તાકતી મિસાઈલો ડેવલપ કરી છે. તેના વડે ઈરાનના એકસો જેટલાં જાહાજો, સબમરીનો વગેરે ડૂબાડી દેવામાં અમેરિકાને સફળતા મળી છે. આ મિસાઈલો જમીન પરથી કે હરતા ફરતા ટ્રક પરથી છોડી શકાય છે. આરબ દેશોની ભૂમિ પરથી તે દાગવામાં આવે તો ખાડી વળોટીને 600 કિલોમિટર દૂર, ઈરાનની ધરતી પર તે ત્રાટકી શકે છે. વચ્ચે કોઈ પણ જગ્યા કે સાધનને નિશાન બનાવી શકાય. હરતા ફરતા 'હીમાર' ટ્રક અર્થાત્ 'હાઈ મોબીલીટી આર્ટિલરી રોકેટ સિસ્ટમ' પરથી તે છોડીને ટ્રક બીજે જતી રહે જેથી વળતા હૂમલાનું નિશાન ન બને, આવી બધી તૈયારીઓ ચાલી રહી છે તેથી લાગે છે કે યુદ્ધ લાંબુ ચાલશે.●

## શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. આખરું પરિવર્તન (૬)
૫. મુખ્ય કે સર્વને લાગું પડતો હુકમ (૫)
૮. વીતી ચૂકેલું (૨)
૯. એક નિશાચર પંખી (૩)
૧૧. અંકુશ (૩)
૧૩. ઘર-આંગણાનું એક પંખી (૨)
૧૫. હંમેશ, કાયમ (૪)
૧૭. ગાયન (૨)
૧૮. સુગંધ વગરનું સોહામણું ફૂલ (૩)
૨૦. વેલ (૨)
૨૧. અભિપ્રાય (૨)
૨૨. રંગ, વર્ણ (૨)
૨૩.... તેરી ગંગા મેલી (૨)
૨૪. એક ચોપગું પશુ (૨)
૨૫. અવાજ, ધ્વનિ (૪)
૨૮. હેતુ, આશય (૪)
૩૧. શ્રીરામનો ભાઈ (૩)
૩૩. પરણવું તે, લગન (૨)
૩૪. ઘોડો (૨)
૩૫. તરફદારી (૪)
૩૭. સૂક્ષ્મ ઇશારો કે સૂચના (૪)
૩૯. સાવ સહેલી વાત (૫)
૪૩. જંગલનું (૨)
૪૪. મુખ, ચહેરો (૩)
૪૫. સરખી સપાટીનું (૪)
૪૭. બ્રહ્માના માનસપુત્ર (૩)
૪૯. વનમાં રહેનારું (૪)
૫૧. રોકડું (૩)
૫૩. વર્ણ, રંગ (૨)
૫૪. દુશ્મન (૨)
૫૫. પ્રથા, રિવાજ (૩)
૫૭. ટેવ, વ્યસન (૨)
૫૯. હોડી, વહાણ(૨)
૬૦. કમનસીબ (૪)
૬૨. લીલોતરી (૪)
૬૪. પતિ (૨)
૬૫. ગોટાળો, વાંધો (૨)
૬૬. પરાજય (૨)
૬૭. રાહ, રસ્તો (૨)
૬૮. આદમી (૨)
૬૯. કીર્તિ, યશ (૨)
૭૦. એક વાર (૨)
૭૧. જાનવર, પશુ (૪)
૭૨. જાદુ વગેરેના ખેલનો તમાશો (૪)


**ઊભી ચાવી**

૨. પડ, પોપડો (૨)
૩. ઉછેરીને મોટું કરનાર (૩)
૪. નાનું, હલકું (૨)
૫. એક વૃક્ષ (૨)
૬. કારીગરી, કસબ (૩)
૭. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૮. ઉદાસ, ખિન્ન (૪)
૧૦. ઉમ્મર (૨)
૧૨. મોટેથી પાડેલી બૂમ (૨)
૧૩. અસ્થિર (૨)
૧૪. લીલા રંગનું એક રત્ન (૩)
૧૫. ઘોડો (૨)
૧૬. એક દિશા, જમણું (૩)
૧૯. પવન (૩)
૨૧. ગધેડો (૩)
૨૨. ઢીલ, વિલંબ(૩)
૨૩. કાંજી, ઘેંસ (૨)
૨૫. લીન, ડૂબેલું (૨)
૨૬. કાળપ, અંધારું (૩)
૨૭. ગરક થયેલું, રાજી (૨)
૨૮. અક્કલ (૨)
૨૯. નફો , લાભ (૩)
૩૦. રોજગાર (૨)
૩૨. વિનાનું (૩)
૩૩. આદત, ટેવ (૨)
૩૪. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૩૫. કલ્યાણ (૨)
૩૬. અનાથ બાળક (૩)
૩૭. બીજું (૨)
૩૮. દરિયો (૩)
૩૯. દાંત (૩)
૪૦. દિલ (૨)
૪૧. વાંચવું તે (૩)
૪૨. બેડું, બોજો (૨)
૪૩. ભાર, દબાણ (૩)
૪૫. સરોવર (૨)
૪૬. પાણી પીવાની ઇચ્છા (૩)
૪૭. અવાજ, ઘોષ (૨)
૪૮. શાહીનો ખડિયો (૩)
૪૯. એક મુખવાસ (૪)
૫૦. ગૌચર માટેની પડતર જમીન (૨)
૫૨. ભૂલ ભરેલું (૩)
૫૫. અવાજ(૨)
૫૬. મનુષ્ય તરીકેની જિંદગી (૩)
૫૭. સુધી (૨)
૫૮. શ્રીવિષ્ણુ (૨)
૫૯. મહિલા (૨)
૬૦. હળદરનો લોટ (૩)
૬૧. શુદ્ધિ, હોંશ (૨)
૬૨. પ્રત્યેક, દરેક(૨)
૬૩. પીડા (૩)
૬૪. ટેક, આબરૂ (૨)
૬૫. સિંહની ગર્જના (૩)
૬૬. નુકસાન (૨)
૬૭. દિવસ(૨)
૬૮. નાણું (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

